# જામનગર મહાનગરપાલિકા

## *સને. ૨૦૧૪–૧૫ રિવાઈઝડ અને સને ૨૦૧૫–૧૬ના ડ્રાફટ અંદાજપત્ર અંગે કમિશ્નરશ્રી હર્ષદ પટેલનું નિવેદન*

જામનગર મહાનગર સેવા સદનના મેયરશ્રીનો પદભાર શ્રી દિનેશભાઈ પટેલ તથા સ્થાયી સમિતિના અધ્યક્ષ સ્થાને આપશ્રી દિવ્યેશભાઈ અકબરી અને ડે. મેયર તરીકે સોનલબેન જોષી કાર્યભાર સંભાળી રહયા છો. ત્યારે અધ્યક્ષશ્રી તથા સ્થાયી સમિતિના તમામ સભાસદશ્રી, આપ સહુ મહાનુભવોનું સ્વાગત છે.

ભારતમાં આજે જયારે ૧૦૦ સ્માર્ટ સીટીનું નિર્માણ થવા જઈ રહયુ છે ત્યારે ગુજરાતની એક આગવી ઓળખ ધરાવતી સીટી જામનગર કે જેને ગુજરાત સરકાર દ્વારા સ્માર્ટ સીટીની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. સ્માર્ટ સીટી અંગેની ડ્રાફટ પોલીસી બનાવવાની કાર્યવાહી ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે એક અનુમાન પ્રમાણે આગામી બજેટ સત્રમાં જ આ પોલીસી ફાઈનલ થઈ જવાની સંભાવના હોય જે ધ્યાને રાખતા સ્માર્ટ સીટી ની સાથે તાલ મિલાવવા જામનગર શહેર પણ પાછળ ન રહી જાય તે માટેના પ્રયત્નો પૂર્વ આયોજન સ્વરૂપે પ્રસ્તુત બજેટમાં રજુ કરી રહયો છું.

સ્માર્ટ સીટીની એક સીંગલ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે પરંતુ અલગ–અલગ તજજ્ઞો/ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ વ્યાખ્યાઓ અને તેઓના વિચારો તરફ નજર કરતા સ્માર્ટ સીટી એટલે સીટીમાં વસવાટ કરતા લોકોનું ઉચ્ચ જીવન ધોરણ, ઉચ્ચ જીવન ધોરણના મુખ્ય ચાર આધાર સ્તંભો છે. (૧) આંતરમાળખાકીય (૨) સામાજીક (૩) સંસ્થાકીય અને (૪) આર્થિક માળખુ.

જામનગર શહેરના દ્રષ્ટિકોણમાં અભ્યાસ કરતાં આ મુખ્ય ચાર આધાર સ્તંભોમાં સમાવિષ્ટ થતાં ઘટકો પૈકી ઉપલબ્ધ માળખાઓ અને તેમાં રહેલી ત્રુટીઓ ને ઓળખી અને આ ત્રુટીઓ દૂર કરવાનું સૌ–પ્રથમ કામ હાથ ધરવાનું રહે છે. આ ત્રુટીઓ દૂર કરવા માટે દરેક ઘટકોની હયાત પરિસ્થિતિ અને તેને દૂર કરવા માટેના નિયત થનાર પોલીસી અનુસારના બેંચ માર્ક અપનાવવાના રહેશે. ત્યારબાદ અમલીકરણના તબકકા પહેલા સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ પ્લાન, એન્વાયરમેન્ટલ સસ્ટેનેબીલીટી પ્લાન તથા સીટીઝન રેફરન્સ ફ્રેમ વર્ક પ્લાન બનાવવાનો રહે છે.

આંતરમાળખાકીય ક્ષેત્રમાં છેલ્લા ચાર વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રીશ્રી યોજના તથા અન્ય યોજનાઓ અંતર્ગત અનેકવિધ કામો જામનગર મહાનગરપાલિકા દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. આ ક્ષેત્રે બાકી રહેતા કામો નું આયોજન આગામી બજેટમાં કરવામાં આવેલ છે. આંતરમાળખાકીય સુવિધાના કામો જેમ કે, રોડ–રસ્તા, ગટર, પાણી, લાઈટ,

**ભૂગર્ભ ગટર, અગ્નિશમન માટે રૂા.૩૫૭ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય આકર્ષણના કામોમાં :–**

- ❖ હદ વધારાને ધ્યાને રાખી શહેરમાં રીંગ રોડ અને રેડીયલ રોડ તથા રેલ્વે અન્ડર / ઓવર બ્રીજનું આયોજન.

- ❖ શહેરના મુખ્યધોરીમાર્ગો એલ.ઈ.ડી. બેઈઝડ લાઈટ થી શુશોભિત કરવાનું આયજન કરેલ છે. જે અંતર્ગત હાલની સોડીયમ લાઈટની જગ્યાએ એલ.ઈ.ડી. લાઈટ મૂકવાથી વીજ વપરાશમાં ૫૦% થી ૬૦% જેવી સીધી વીજ બચત થવા પામશે અને આ એનર્જી સેવિંગ કાયમી ધોરણે મળી રહે તેવું આયોજન છે

- ❖ શહેર છેવટના હદ વિસ્તારો સુધી પાણી પહોંચાડવાનું આયોજન.

- ❖ ગઢની રાંગના જુના વિસ્તારો તથા નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે નો સર્વે હાથ ધરવાનું આયોજન.

- ❖ અગ્નિશમન ને લગત સુવિધાઓ વિસ્તૃતીકરણ અને મજબૂતીકરણ માટે નવી હદ દિશાને ધ્યાને રાખી નવા બે ફાયર સ્ટેશનો અને તેને લગત જરૂરી વાહનો વસાવવાનું આયોજન છે.

- ❖ શહેરને સ્વચ્છ અને સુદ્રઢ બનાવવા માટે મીની રોડ સ્વીપર, મેન્યુઅલ સકર મશીન, ગ્રીન ઈકો મોબાઈલ ટોયલેટ વેન, એનીમલ ડેડ બોડી વ્હીકલ અને સફાઈના સાધનો વસાવવાનું આયોજન છે, આ માટેના ટેન્ડરો પણ આવી ગયેલ છે. આ ઉપરાંત કચરાના નિકાલ માટે કમ્પોસ્ટ પ્લાન્ટ માટે એકસપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ બહાર પાડેલ છે. ડોર–ટુ–ડોર માટેના તમામ વાહનોમાં જી.પી.એસ. સિસ્ટમની અમલવારી.

- ❖ મહાનગરપાલિકાના ઢોર ડબ્બા તથા નવી એનીમલ હોસ્ટેલમાં ગોબરનું વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનું આયોજન

- ❖ "મહાત્મા ગાંધી સ્વચ્છતા" મિશન અંતર્ગત જામનગર શહેરના ૧૦૦% વિસ્તારોમાં ડોર–ટુ–ડોર ગાર્બેજ કલેકશનની અમલવારી. "મહાત્મા ગાંધી સ્વચ્છતા" મિશન કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ સાથે સફાઈમાં મહત્વનો ફાળો આપનાર સોસાયટીઓને પ્રોત્સાહનરૂપી ઈનામો અને પ્રમાણપત્રો આપવાનું આયોજન

- ❖ શહેરમાં અલગ–અલગ દસ જગ્યાએ પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાનું કામ અને જામનગર રાજકોટ રોડ ઉપર ટી.પી. સ્કીમ નં. ૩/બી ના અંતિમ ખંડ નં. ૪૬માં ચાર માળના નાઈટ શેલ્ટર બનાવવાના કામોનું પણ આયોજન કરેલ છે.

- ❖ રંગમતી અને નાગમતી રીવર ફ્રંટ ડેવલપમેન્ટ પ્રોજેકટની સૈધ્ધાંતિક મંજુરી મળેલ હોય જેના કોમ્પોનન્ટ વાઈઝ ટેન્ડરની કાર્યવાહી આગામી વર્ષમાં કરવામાં આવનાર છે.

સામાજીક માળખાકીય સુવિધાઓ અંતર્ગત ગરીબો માટે આવાસ, જાહેર જનતા માટે પાર્ક અને ગાર્ડન, ઐતિહાસીક અને સાંસ્કૃતિક વારસાઓની જાળવણી, ટુરીસ્ટ સ્પોર્ટસનો વિકાસના કામો મહદ્અંશે પૂર્ણ કરેલ છે અને અન્ય કામો હાથ ઉપર છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કરવાના થતાં કામોનું આયોજન આગામી બજેટમાં કરેલ છે.

**સામાજીક માળખાકીય સુવિધાઓ વિકાસાવવા બજેટમાં રૂા.૧૧૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમાં મુખ્ય આકર્ષણના કામોમાં :–**

❖ લાખોટા કોઠા, ત્રણ દરવાજા તથા ભૂજીયા કોઠા કન્ઝર્વેશન અને રેસ્ટોરેશનનું કામ.

❖ શહેર વિસ્તારોમાં ટ્રાફીક આયલેન્ડ બનાવવાનું કામ તથા સ્વસ્તિક ગાર્ડન રી–ડેવલપ કરવાનું કામ. શહેરની હદ વધારાને ધ્યાને રાખી તમામ વિસ્તારોને ગ્રીન બેલ્ટમાં કન્વર્ટ કરવા સઘન વૃક્ષારોપણનું આયોજન.

❖ શહેરમાં પ્રાણી અને પશુઓના સંરક્ષણ અને તબીબી ચિકિત્સા અર્થે એનીમલ હોસ્ટેલ બનાવવાનું આયોજન કરેલ છે, જેમાં જમીન ફાળવણી થયે ટેન્ડર પ્રક્રિયા કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

❖ શહેરમાં હદ વધારાને ધ્યાને રાખી ખંભાળીયા રોડ તથા લાલપુર બાયપાસ તરફ મોક્ષમંદિર બનાવવાનું આયોજન.

❖ રાજીવ આવાસ યોજના અંતર્ગત મારવાડા વાસ, ગોદડીયા વાસ અને રાવલવાસ સ્લમ પોકેટમાં ૧૦૪૦ આવાસો બનાવવાનું કામોનું આયોજન અને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ૫૫૦ આવાસો બનાવવાનું આયોજન કરેલ છે.

❖ હૈયાત મહાનગરપાલિકા હસ્તકની સ્કુલોને અપગ્રેડેશન કરવાના કામોનું આયોજન કરેલ છે.

**સંસ્થાકીય સુવિધાઓ અંતર્ગત ઈ–ગવર્નન્સ પ્રોગ્રામનું અમલીકરણ હાથ ધરેલ છે. ફર્સ્ટ સીટીઝન સેન્ટ્રીક સર્વિસીસ એપ્રિલ–૨૦૧૫ માં રોલ આઉટ કરવામાં આવશે. સિકયોરીટી સર્વેલન્સ સીસ્ટમ ટૂંક સમયમાં અમલમાં આવનાર છે.**

❖ ઈ–ગવર્નન્સ, ઓફીસ ઓટોમાઈઝેશન, બે ઝોનલ ઓફીસ, ફાયર કવાર્ટર, રેકર્ડ રૂમ વિગેરે માટે **બજેટમાં રૂા.૨૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.**

❖ ઈ–નગર પ્રોગ્રામ અંતર્ગત જી.આઈ.એસ. બેઈઝડ સર્વે અને મેપીંગ કરવાનું આયોજન છે.

❖ આંગણવાડી સંચાલન અને મોનીટરીંગ તથા આંગણવાડીના દૈનિક પ્રવૃતિઓ અદ્યતન અને બાળકોને લગત ડેટાઓ અદ્યતન સોફટવેરમાં નિભાવવાનું આયોજન.

❖ આગામી વર્ષમાં આંગણીવાડીના બાળકોને ગરમ અને સાત્વીક ભોજન મળી રહે તે માટે અક્ષયપાત્ર સંસ્થા અને જામનગર શહેરની આજુ–બાજુ આવેલ કોર્પોરેટ સંસ્થાઓ સાથે વાતચીત કરી અને જામનગર શહેર આજુ–બાજુના વિસ્તારમાં અક્ષયપાત્ર દ્વારા ભોજન વિતરણ કરવા માટેના પ્રયત્નો હાથ ધરેલ છે. જે ચાલુ નાણાંકીય વર્ષમાં આખરી કરી અને આગામી વર્ષમાં અમલ કરવાનું આયોજન કરેલ છે.

આર્થિક ઉપાર્જન ક્ષેત્રમાં યુ.સી.ડી. /આઈ.સી.ડી.એસ શાખાની અલગ–અલગ યોજનાઓ અંતર્ગત અનેક લાભો સમાજમાં પુરા પાડવામાં આવેલ છે અને આગામી સાલે નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન અંતર્ગત આર્થિક ઉપાર્જનના અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવનાર છે. **આ સુવિધાઓ વિકસાવવા માટે બજેટમાં રૂા. ૭.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.**

તદ્ઉપરાંત વાઈબ્રટ ગુજરાત સમિટ–૨૦૧૫માં થયેલ એમ.ઓ.યુ. ને ધ્યાને રાખતાં જામનગર શહેરમાં થનાર મૂડી રોકાણ અને તેમાંથી ઉત્પન્ન થનાર રોજગારીની તકો થી આર્થિક ઉપાર્જન વધવા પામશે.

**આમ, આગામી સાલે કુલ કેપીટલ બજેટમાં રૂા. ૫૦૭.૮૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.**

ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૧૦૧ અને ૧૦૪ અનુસાર સને ૨૦૧૪–૧૫ ના વર્ષનું "રીવાઈઝડ અંદાજપત્ર" તથા કલમ–૯૫ અનુસાર સને ૨૦૧૫–૧૬ ના વર્ષનું જામનગર મહાનગરપાલિકાનું આવક–ખર્ચનું "ડ્રાફટ અંદાજપત્ર" કર અને દર " અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માટે રજુ કરતા હું હર્ષ અનુભવુ છુ.

## વિભાગ – અ

## *<u>સને. ૨૦૧૪–૧૫નું રીવાઈઝડ અંદાજપત્ર</u>*

સૌ–પ્રથમ સને ૨૦૧૪–૧૫માં રજુ કરેલ એકશન પ્લાન અન્વયે મહાનગરપાલિકા દ્વારા મોટા ભાગની તમામ કામગીરીઓ હાથ ધરવામાં આવેલ છે તથા ભવિષ્યના આયોજન સ્વરૂપે દર્શાવેલ કામગીરીઓ નો પણ ડીટેઈલ એનાલીસીસ કરી ડી.પી.આર. બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. એકશન પ્લાન મુજબની મુખ્ય કામગીરી જોઈએ તો :–

➢ મુખ્ય મંત્રી ગૃહ યોજના : ત્રણેય આવાસ યોજનાઓની કામગીરી હાલે ચાલુ છે.
➢ રાજીવ ગાંધી આવાસ યોજના : ડી.પી.આર. કેન્દ્ર સરકારમાં મંજુરી અર્થે મોકલવામાં આવેલ છે.
➢ આઈ.એચ.ડી.પી. આવાસ યોજના : કામગીરી પૂર્ણતાના આરે છે.
➢ સીટી બસ સેવા : જનરલ બોર્ડ દ્વારા મંજુર થયેલ છે. ટૂંક સમયમાં જ કામગીરી શરૂ કરવામાં આવશે.

- ભૂગર્ભ ગટર યોજના : સૂચિત કામો પ્રગતિ હેઠળ છે.
- પ્રાથમિક શાળા ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન ના સૂચિત કામો પૂર્ણ કરવામાં આવેલ છે.
- રોડ નેટવર્ક ઈમ્પ્રુવમેન્ટના સૂચિત કામો હાથ ધરેલ છે અને સૂચિત પૈકી ૭૦% થી પણ વધુ રોડના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.
- હેરીટેજ બિલ્ડીંગ કન્ઝર્વેશન પ્રોજેકટ અંતર્ગત ખંભાળીયા દરવાજા રેસ્ટોરેશન વર્ક નું કામ ચાલુ છે. લાખોટા કોઠા રીસ્ટોરેશન નો ડી.પી.આર. મંજુર કરવામાં આવેલ છે. અને ભૂજીયા કોઠા રીસ્ટોરેશનનું કામ નો ડી.પી.આર. સ્ટેજે છે.
- રેલ્વે ઓવરબ્રીજનું કામ હાલે ચાલુ છે.
- ફલાય ઓવરબ્રીજનો ડી.પી.આર. હાલે મંજુરી હેઠળ છે.
- વોટર વર્કસને લગત સૂચિત થયેલ કામો અન્વયે સસોઈ આધારીત પાણી પુરવઠા યોજનાનો કામ હાલ પ્રગતિ હેઠળ છે.
- ખીજડીયા તથા ઠેબા ચોકડી પાસે પાઈપ લાઈનનું કામ પ્રગતિ હેઠળ છે.
- આજી–૩ અને ઉંડ–ર પાઈપ લાઈનનો પ્રોજેકટ સરકારશ્રીમાં મંજુરી હેઠળ છે.
- ડી.આઈ. પાઈપ લાઈનના કામો સ્ટેન્ડીંગ કમિટીમાં મંજુર થયેલ છે. કામગીરી ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવનાર છે.
- ઈ–ગવર્નન્સ પ્રોજેકટ અમલીકરણ સ્ટેજ ઉપર છે. સિકયુરીટી સર્વેલન્સ સીસ્ટમ ની કામગીરી ટુંક સમયમાં પૂર્ણ થનાર છે.
- વહીવટી સુધારણા અંતર્ગત ડોકયુમેન્ટેશન, એકાઉન્ટીબીલીટી અને ટ્રાન્સપેરન્સી માટે અનેકવિધ રીફોર્મસ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીઓ પૂર્ણ થાય તેનું સુનિશ્ચિત આયોજન કરેલ છે અને રીવાઈઝડ બજેટમાં રૂા.૩૪૦.૩૫ કરોડની જોગવાઈ મૂકવામાં આવેલ છે.

સને.ર૦૧૪–૧૫નું અંદાજપત્ર મહાનગરપાલિકાએ મંજૂર કર્યા બાદ વર્ષ દરમ્યાન સમયની તાકિદ અને સંજોગોને અનુરૂપ તાકીદના તેમજ અન્ય કામો હાથ ધરાતા અંદાજેલી ઉઘડતી સિલક સામે આવેલ ખરેખર સિલકને ધ્યાને લેતા રેવન્યુ / કેપીટલ એકાઉન્ટના આવક/ખર્ચના અંદાજોમાં ખાતાઓની માંગણી મુજબ જરૂરી ફેરફાર કરી રેવન્યુ / કેપીટલ ખર્ચ બાજુએ અગત્યના કામો માટે પુનઃ ફાળવણી કરવામાં આવી છે.

આમ, મહાનગરપાલિકાના સને. ર૦૧૪–૧૫ના સુધારેલ અંદાજપત્રમાં કરવામાં આવેલ ફેરફાર અને તે મુજબ મહાનગરપાલિકાના આવક–ખર્ચ નીચે મુજબ રહેશે.

## ➢ વર્ષ ૨૦૧૪–૧૫ના રીવાઈઝડ અંદાજ તરફ :

**પત્રક – "અ"**

| (આંકડા કરોડમાં) | | |
|---|---|---|
| *વિગત* | *સને. ૨૦૧૪–૧૫ મંજૂર કરેલ અંદાજ* | *સને. ૨૦૧૪–૧૫ રીવાઈઝડ અંદાજ* |
| **ઉઘડતી પુરાંત** | **૧૨૫.૯૮** | **૧૬૪.૨૩** |
| (૧) રેવન્યુ આવક | ૧૯૨.૭૬ | ૧૮૫.૦૮ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૨૯.૨૫ | ૧૩.૦૫ |
| (૩) કેપીટલ લોન આવક | ૫.૦૦ | ૧.૫૦ |
| (૪) કેપીટલ ગ્રાંટ આવક | ૩૨૪.૩૧ | ૨૪૩.૪૦ |
| (૫) અનામત આવક | ૨૯.૧૪ | ૪૧.૩૦ |
| (૬) એડવાન્સ આવક | ૧૫.૨૬ | ૧૨.૦૫ |
| **કુલ આવક** | **૫૯૫.૭૨** | **૪૯૬.૩૮** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૭૨૧.૭૦** | **૬૬૦.૬૧** |
| (૧) રેવન્યુ ખર્ચ | ૧૮૨.૬૮ | ૧૮૬.૧૭ |
| (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૧૦.૨૪ | ૧૨.૧૧ |
| (૩) કેપીટલ લોન ખર્ચ | ૫.૦૦ | ૧.૫૦ |
| (૪) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૩૯૨.૫૫ | ૩૨૬.૭૪ |
| (૫) અનામત ખર્ચ | ૨૧.૫૮ | ૨૨.૦૫ |
| (૬) એડવાન્સ ખર્ચ | ૧૧.૨૧ | ૮.૧૯ |
| **કુલ ખર્ચ** | **૬૨૩.૨૬** | **૫૫૬.૭૬** |
| **બંધ પુરાંત** | **૯૮.૪૪** | **૧૦૩.૮૫** |

**પત્રક – "બ"**

| (આંકડા કરોડમાં) | | |
|---|---|---|
| *બજેટ એકત્રીકરણ* | | |
| *વિગત* | *સને. ૨૦૧૪–૧૫ મંજૂર કરેલ અંદાજ* | *સને. ૨૦૧૪–૧૫ રીવાઈઝડ અંદાજ* |
| ઉઘડતી પુરાંત | ૧૨૫.૯૮ | ૧૬૪.૨૩ |
| આવક | ૫૯૫.૭૨ | ૪૯૬.૩૮ |
| **કુલ** | **૭૨૧.૭૦** | **૬૬૦.૬૧** |
| ખર્ચ | ૬૨૩.૨૬ | ૫૫૬.૭૬ |
| **બંધ પુરાંત** | **૯૮.૪૪** | **૧૦૩.૮૫** |

### (૧) ચાલુ સાલના અંદાજો અંગે :

ચાલુ સાલના અંદાજો કે જે તા. ૩૦–૧૧–૨૦૧૪ સુધીના ખરેખર આવક ખર્ચના આંકડાને ધ્યાનમાં રાખીને તે મુજબ સને. ૨૦૧૪–૧૫ નું રીવાઈઝ અંદાજપત્ર બનાવેલ છે. સને. ૨૦૧૪–૧૫ની સાલના મંજૂર કરાયેલ અંદાજ કોલમ નં. ૬માં દર્શાવેલ છે. પ્રથમ આઠ માસમાં ખરેખર થયેલ આવક–ખર્ચના આંકડા કોલમ નં. ૭માં દર્શાવેલ છે. અને બાકીના ચાર માસના સંભવિત આવક અને ખર્ચના

આંકડા કોલમ નં. ૮માં દર્શાવેલ છે. સને. ૨૦૧૪–૧૫ની સાલના રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજ કોલમ નં. ૯માં દર્શાવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૫–૨૦૧૬ માટે ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ (૧) રેવન્યું આવક તથા ખર્ચ (૨) કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચ (૩) કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચ (૪) કેપીટલ લોન આવક અને ખર્ચ (૫) એડવાન્સ આવક અને ખર્ચ (૬) ડીપોઝીટ આવક અને ખર્ચ બજેટનાં અંદાજ રજુ કરવામાં આવેલ છે. સને. ૨૦૧૫–૧૬ની દરખાસ્ત કોલમ નં. ૧૦માં દર્શાવેલ છે.

સને. ૨૦૧૪–૧૫ના વર્ષના અંદાજ રીવાઈઝડ નીચે મુજબ કરવામાં આવેલ છે. વધારો–ઘટાડો દર્શાવવામાં આવેલ છે.

## આવક :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | મુળઅંદાજ પત્ર મુજબ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | રીવાઈઝ અંદાજપત્ર મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | ૩૨.૦૦ | ૩૨.૦૦ | ૦ | ૦ |
| (૨) | રોકાણ પરનું વ્યાજ | ૦.૭૦ | ૦.૫૦ | ૦ | ૦.૨૦ |
| (૩) | વાહન કર. | ૦.૨૦ | ૦.૧૫ | ૦ | ૦.૦૫ |
| (૫) | મિલ્કત વેરો (રેન્ટ બેઈઝ) | ૨૪.૨૫ | ૧.૫૦ | ૦ | ૨૨.૭૫ |
| (૬) | મિલ્કત વેરો (કારપેટ) | ૨૬.૩૦ | ૨૫.૦૭ | ૦ | ૧.૨૩ |
| (૭) | મિલ્કત વેરો (અન્ય) | ૭.૭૨ | ૬.૪૫ | ૦ | ૧.૨૭ |
| (૮) | વ્યવસાય વેરો | ૫.૧૬ | ૪.૪૨ | ૦ | ૦.૭૪ |
| (૯) | ટાઉન પ્લાનીંગ | ૨૨.૪૪ | ૩૭.૭૧ | ૧૫.૨૭ | ૦ |
| (૧૦) | મીટર વાળી ઉપજ | ૧૧.૦૦ | ૧૧.૫૦ | ૦.૫૦ | ૦ |
| (૧૧) | મીટર વગરની ઉપજ | ૮.૦૦ | ૭.૫૦ | ૦ | ૦.૫૦ |
| (૧૨) | વો. વ.અન્ય | ૧.૪૪ | ૧.૩૯ | ૦ | ૦.૦૫ |
| (૧૩) | રેવન્યુ ગ્રાંટ | ૨૫.૯૪ | ૩૬.૮૪ | ૧૦.૯૦ | ૦ |
| (૧૪) | અન્ય | ૨૭.૬૧ | ૨૦.૦૫ | ૦ | ૭.૫૬ |
| (૧૫) | કેપીટલ સ્વભંડોળ | ૨૯.૨૫ | ૧૩.૦૫ | ૦ | ૧૬.૨૦ |
| (૧૬) | કેપીટલ લોન | ૫.૦૦ | ૧.૫૦ | ૦ | ૩.૫૦ |
| (૧૭) | કેપીટલ ગ્રાન્ટ | ૩૨૪.૩૧ | ૨૪૩.૪૦ | ૦ | ૮૦.૯૧ |
| (૧૮) | અનામત | ૨૯.૧૪ | ૪૧.૩૦ | ૧૨.૧૬ | ૦ |
| (૧૯) | તસલમાત | ૧૫.૨૬ | ૧૨.૦૫ | ૦ | ૩.૨૧ |
| | **કુલ** | **૫૯૫.૭૨** | **૪૯૬.૩૮** | **૩૮.૮૩** | **૧૩૮.૧૭** |

**ખર્ચ :**

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | અંદાજ પત્ર મુજબ | રીવાઈઝ મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૦૧.૯૭ | ૯૬.૯૭ | | ૫.૦૦ |
| (૨) | વહીવટી ખર્ચ | ૨.૬૮ | ૨.૪૦ | | ૦.૨૮ |
| (૩) | મરામત અને નિભાવણી | ૨૯.૫૪ | ૨૬.૪૭ | | ૩.૦૭ |
| (૪) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૦.૯૮ | ૦.૮૪ | | ૦.૧૪ |
| (૫) | લોન વ્યાજ ખર્ચ | ૨.૩૯ | ૪.૦૪ | ૧.૬૫ | |
| (૬) | શિક્ષણ ઉપકર અને લેબર શેષ સરકારશ્રીમાં જમા | ૬.૦૫ | ૭.૪૫ | ૧.૪૦ | |
| (૭) | જાહેર શિક્ષણ ખર્ચ | ૮.૬૦ | ૮.૬૦ | | |
| (૮) | રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ | ૧૯.૫૫ | ૨૯.૩૦ | ૯.૭૫ | |
| (૯) | અન્ય ખર્ચ | ૧.૨૮ | ૨.૦૫ | ૦.૭૭ | |
| (૧૦) | કેપિટલ ખર્ચ સ્વભંડોળ | ૧૦.૨૪ | ૧૨.૧૧ | ૧.૮૭ | |
| (૧૧) | કેપિટલ ખર્ચ ગ્રાન્ટ | ૩૯૨.૫૫ | ૩૨૬.૭૪ | | ૬૫.૮૧ |
| (૧૨) | કેપીટલ લોન | ૫.૦૦ | ૧.૫૦ | | ૩.૫૦ |
| (૧૩) | તસલમાત | ૧૧.૨૧ | ૮.૧૯ | | ૩.૦૨ |
| (૧૪) | ડીપોઝીટ | ૨૧.૫૮ | ૨૨.૦૫ | ૦.૪૭ | |
| (૧૫) | મ્યુનિ. ફાળો કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૯.૬૪ | ૮.૦૫ | | ૧.૫૯ |
| | **કુલ** | **૬૨૩.૨૬** | **૫૫૬.૭૬** | **૧૫.૯૧** | **૮૨.૪૧** |

(૨) **રીવાઈઝડ અંદાજોના કારણો (મુખ્ય આવકમાં વધારા–ઘટાડો) જોઈએ તો :**

(૧) **<u>પ્રોપર્ટી ટેકસ. ::–</u>**

ચાલુ વર્ષમાં રૂા. **૫૮.૨૭** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૪ સુધીમાં કુલ આવક રૂા. **૧૬.૩૨** કરોડની થયેલ છે. ડીફરન્સ ટેકસ વ્યાજ માફીની સ્કીમ ની અમલવારીમાં ડીલે થતા તથા રેલ્વે ડીપાર્ટમેન્ટ તરફથી હજુ સુધી પોઝીટીવ રીપ્લાય ન આવતા પ્રોપર્ટી ટેકસનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ અને સરકારી મિલ્કતોના બાકી રહેતા ટેકસ ધ્યાને રાખતા તા. ૧–૧૨–૧૪ થી ૩૧–૩–૧૫ની અંદાજીત આવક રૂા. **૧૬.૭૦** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૪–૧૫નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૩૩.૦૨** કરોડ મૂકવામાં આવેલ છે.

(૨) **<u>વ્યવસાય વેરો. ::–</u>**

ચાલુ વર્ષમાં રૂા. **૫.૧૬** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૪ સુધીમાં કુલ આવક રૂા. **૨.૬૨** કરોડની થયેલ છે. વ્યવસાય વેરાનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ ધ્યાને રાખતા તા.૧–૧૨–૧૪ થી ૩૧–૩–૧૫ની અંદાજીત આવક રૂા. **૧.૮૦** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૪–૧૫નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૪.૪૨** કરોડ મૂકવામાં આવેલ છે.

(૩) **<u>ટાઉન પ્લાનીંગ . ::–</u>**

ચાલુ વર્ષમાં રૂા. **૨૨.૪૪** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૪ સુધીમાં કુલ આવક રૂા. **૨૩.૬૪** કરોડની થયેલ છે. ઈમ્પેકટ ફી, એફ.એસ.આઈ. વેચાણ અને બાંધકામ માટેના પાણી ચાર્જમાં સારી વસૂલાત થતાં તા.૧–૧૨–૧૪ થી ૩૧–૩–૧૫ની અંદાજીત આવક રૂા. **૧૪.૦૭** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૪–૧૫નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૩૭.૭૧** કરોડ મૂકવામાં આવેલ છે.

(૪) **<u>એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ.::–</u>**

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ચાલુ સાલે નવે–૨૦૧૪ સુધીમાં રૂા. **૬૧.૨૩** કરોડ થયેલ છે. મુળ અંદાજ મુજબ રૂા. **૧૦૧.૯૭** કરોડ અંદાજવામાં આવેલ હતો. રીવાઈઝ બજેટમાં રૂા.**૯૬.૯૭** કરોડ અંદાજ મુકવામાં આવેલો છે. આમ, અંદાજમાં **૫.૦૦** કરોડનો ઘટાડો સૂચવવામાં આવેલ છે.

(૫) **<u>જમીન વેચાણ અંગેની આવક. ::–</u>**

ચાલુ વર્ષે અંદાજપત્રમાં રાવળી જમીન અને ટી.પી.સ્કીમની જમીન વેચાણની આવક રૂા.**૨૦.૧૧** કરોડ અંદાજવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦–૧૧–૨૦૧૪ સુધીમાં રૂા.૦.૦૦ કરોડની આવક થયેલ છે. ચાલુ સાલે જમીન વેચાણની પ્રક્રિયા ધ્યાને લેતા રીવાઈઝ અંદાજ રૂા. **૫.૦૦** કરોડનો મુકવામાં આવેલ છે.

(૬) **<u>કેપીટલ લોન અને ગ્રાંટ. ::–</u>**

સને. ૨૦૧૪–૧૫માં કેપીટલ લોન બજેટમાં લોન આવકનો અંદાજ **રૂા.૫.૦૦ કરોડ** મૂકવામાં આવેલ છે લોન પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરેલ હોય, માર્ચ સુધીમાં મળવાપાત્ર રકમ ધ્યાને રાખતાં **રૂા.૧.૫૦ કરોડ** મૂકવામાં આવેલ છે.

કેપીટલ ગ્રાન્ટ આવક રૂા. **૩૨૪.૩૧** કરોડ અંદાજવામાં આવેલ, જેમાં તા. ૩૦–૧૧–૨૦૧૪ સુધીમાં ગ્રાન્ટ ના હેડે રૂા. **૮૯.૦૬** કરોડ પ્રાપ્ત થયેલ છે. હવે પછી ચાર માસમાં મળનાર ગ્રાન્ટ આવકને ધ્યાનમાં રાખી રીવાઈઝડ અંદાજ રૂા. **૨૪૩.૪૦** કરોડ મૂકવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૪ સુધીમાં કુલ રેવન્યુ ખર્ચ રૂા. **૯૧.૩૯** કરોડનું થયેલ છે અને ૨૦૧૪–૧૫ નુ રીવાઈઝડ બજેટ મુજબ કુલ રેવન્યુ ખર્ચ રૂા. **૧૮૬.૧૭** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૪ સુધીમાં કુલ કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા.**૦.૬૧** કરોડ થયેલ છે. અને ૨૦૧૪–૧૫ નું રીવાઈઝડ કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા. **૧૨.૧૧** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૪ સુધીમાં કુલ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂ.૧૩૮.૧૭** કરોડ થયેલ છે. અને ૨૦૧૪–૧૫ નું રીવાઈઝડ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂ. **૩૨૫.૭૪** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

**: વિભાગ – બ :**

## ➢ *સને. ૨૦૧૫–૧૬નું ડ્રાફ્ટ અંદાજપત્ર*

સને. ૨૦૧૫–૧૬નું અંદાજપત્ર તૈયાર કરતી વખતે મહત્વની બાબત જોઈએ તો જામનગર શહેરના નાગરિકો ઉપર કોઈપણ પ્રકારનો વધારાનો કરબોજ ન પડે તે બાબત ધ્યાને રાખી આગામી વર્ષ માટે કોઈપણ જાતનો નવો કરબોજ સૂચવવામાં આવેલ નથી. અને મહાનગરપાલિકાના બાકી લ્હેણાઓ માટે "સઘન રીકવરી ઝુંબેશ" હાથ ધરી મહાનગરપાલિકાની રેવન્યુ સ્વભંડોળની આવક વધારવાનો ખાસ પ્રયાસ હાથ ધરવામાં આવશે, જેમાં આપ સૌ સભાસદો સાથ અને સહકાર આપશો તેવી આશા રાખુ છુ.

(આંકડા કરોડમાં)

| *આવક* | *સને. ૨૦૧૫–૧૬ નો અંદાજ* | *ખર્ચ* | *સને. ૨૦૧૫–૧૬ નો અંદાજ* |
|---|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૧૦૩.૮૫** | | |
| (૧) રેવન્યુ આવક | | (૧) રેવન્યુ ખર્ચ | |
| (અ) સ્વભંડોળ આવક | ૧૫૩.૭૭ | (અ) સ્વભંડોળ ખર્ચ | ૧૮૦.૩૬ |
| (બ) ગ્રાંટ આવક | ૬૬.૪૫ | (બ) ગ્રાંટ ખર્ચ | ૨૯.૨૮ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૨૯.૯૭ | (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૧૩.૭૦ |
| (૩) કેપીટલ લોન આવક | ૧.૫૦ | (૩) કેપીટલ લોન ખર્ચ | ૧.૫૦ |
| (૪) કેપીટલ ગ્રાંટ આવક | ૫૨૪.૯૦ | (૪) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૪૯૨.૬૪ |
| (૫) અનામત આવક | ૩૫.૪૯ | (૫) અનામત ખર્ચ | ૨૧.૬૦ |
| (૬) એડવાન્સ આવક | ૧૧.૮૪ | (૬) એડવાન્સ ખર્ચ | ૮.૨૧ |
| **કુલ આવક** | **૮૨૩.૯૨** | **કુલ ખર્ચ** | **૭૪૭.૨૯** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૯૨૭.૭૭** | **બંધ પુરાંત** | **૧૮૦.૪૮** |

કાયદાની જોગવાઈ અનુસાર બજેટ પુરાંત દર્શાવતું હોવુ જોઈએ. અંદાજપત્ર એ કોઈ નિશ્ચિત સમયગાળામાં થનાર આવક અને ખર્ચની વાસ્તવિક પરિસ્થિતિ રજુ કરતું આયોજન નથી પરંતુ બજેટ(અંદાજપત્ર) એ નિશ્ચિત સમયગાળામાં થનાર અંદાજિત આવક અને આવકની સામે થનાર ખર્ચની વિગતો દર્શાવતુ માત્ર આયોજન જ છે. આવક તથા ખર્ચનું આયોજન અનેકવિધ પરિબળો ઉપર નિર્ભર હોય છે. અનેકવિધ પરિબળો પૈકી કોઈ એક પરિબળ પણ આયોજનથી વિરુદ્ધ પરિણમે તો તેની સીધી અસર સમગ્ર અંદાજપત્ર ઉપર પડે છે.

ચાલુ સાલના રીવાઈઝડ અંદાજપત્ર તથા આગામી સાલના અંદાજપત્રમાં પણ જુદા જુદા પરિબળો આધારિત આવક અને ખર્ચના અંદાજો સાથે પુરાંતલક્ષી બજેટ રજુ કરવામાં આવેલ છે. આવા પરિબળો પૈકી કોઈ એક અથવા એકથી વધુ પરિબળો આવકના લક્ષ્યાંકોને વિપરિત અસર કરે તો તેની સીધી અસર ખર્ચના અંદાજો ઉપર પણ સ્વભાવિક રીતે પડે જ છે. અને અંદાજીત પુરાંતલક્ષી બજેટ ની સામે ખાધરૂપી વાસ્તવિક પરિસ્થિતિ પરિણમી શકે છે. જે આપણે સૌએ ધ્યાને લેવું જરૂરી છે.

## બજેટ દરખાસ્ત સને. ૨૦૧૫–૨૦૧૬ :

સને. ૨૦૧૪–૨૦૧૫નાં રીવાઈઝ બજેટને લક્ષમાં રાખીને સને. ૨૦૧૫–૨૦૧૬નું અંદાજપત્ર તૈયાર કરેલ છે. જેમાં મહેસુલી આવક રૂા. **૨૨૦.૨૨** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત મહેસુલી સિલક રૂા. **૮.૨૫** કરોડ ઉમેરતા કુલ રૂા.**૨૨૮.૪૭** કરોડ થાય છે. મહેસુલી ખર્ચ રૂા. **૨૦૯.૬૪** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા.**૧૮.૮૩** કરોડની મહેસુલી બંધપુરાંત રહેશે.

## મહેસુલી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

(રકમ રૂા. કરોડમાં)

| અનું. નંબર | મહેસુલી આવક. | રકમ. | અનું. નંબર | મહેસુલી ખર્ચ. | રકમ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ટેક્સ આવક | ૫૬.૫૪ | (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સ્ટાફ) | ૫૭.૦૦ |
| (૨) | ટેક્સ વગરની આવક | ૮૧.૪૨ | (૨) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સફાઈ) | ૪૯.૫૧ |
| (૩) | એજયુકેશન શેષ, લેબર વેલ્ફેર આવક | ૭.૯૨ | (૩) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ(જેએમટીએસ) | ૪.૯૭ |
| (૪) | ઓકટ્રોય ગ્રાન્ટ આવક | ૩૨.૦૦ | (૪) | વહીવટી ખર્ચ | ૨.૭૫ |
| (૫) | અન્ય ગ્રાન્ટ આવક | ૩૪.૪૫ | (૫) | મરામત અને નિભાવ ખર્ચ | ૩૩.૩૨ |
| (૬) | અન્ય આવક | ૭.૮૯ | (૬) | રેવન્યુ ગ્રાંટ ખર્ચ | ૨૯.૨૮ |
| | | | (૭) | લોન વ્યાજ ખર્ચ | ૪.૦૪ |
| | | | (૮) | એજયુકેશન શેષ અને લેબર વેલ્ફેર સરકારશ્રીમાં જમા | ૭.૬૫ |
| | | | (૯) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૧.૯૧ |
| | | | (૧૦) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૦.૧૦ |
| | | | (૧૧) | પરચુરણ ખર્ચ | ૧.૬૪ |
| | | | (૧૨) | કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૭.૪૭ |
| | **કુલ.....** | **૨૨૦.૨૨** | | **કુલ.....** | **૨૦૯.૬૪** |

**કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :**

સને ૨૦૧૫–૧૬ ના બજેટમાં કેપીટલ સ્વભંડોળ આવક રૂા. **૨૯.૯૭** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક રૂા. **૨.૮૫** કરોડ ઉમેરતા કુલ રૂા. **૩૨.૮૨** કરોડ થાય છે. જેમાં કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા. **૧૩.૭૦** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા. **૧૯.૧૨** કરોડની કેપીટલ સ્વભંડોળની પુરાંત રહેશે.

**કેપીટલ સ્વભંડોળ**

(રકમ રૂા. કરોડમાં)

| ક્રમ | કેપીટલ આવક | રકમ | ક્રમ | કેપીટલ ખર્ચ | રકમ✓ |
|---|---|---|---|---|---|
| ૧ | રેવન્યુ ફાળો | ૫.૯૭ | ૧ | સામાન્ય વહિવટ | ૦.૩૧ |
| ૨ | જમીન વેચાણ | ૨૦.૦૦ | ૨ | પ્લાનીંગ એન્ડ રેગ્યુલેશન | ૫.૦૬ |
| ૩ | દુકાનનું વેચાણ | ૪.૦૦ | ૩ | પાણી અને ગટર વ્યવસ્થા | ૧.૮૬ |
| | | | ૪ | સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૦.૬૨ |
| | | | ૫ | જાહેર સુખાકારી અને સમૃદ્ધિ | ૦.૮૧ |
| | | | ૬ | શહેરી વનિકરણ | ૦.૧૫ |
| | | | ૭ | શહેરી ગરીબી નાબૂદી અને સામાજીક ઉત્કર્ષ | ૨.૨૯ |
| | | | ૮ | જાહેર શિક્ષણ | ૨.૩૩ |
| | | | ૯ | આરોગ્ય અન્ય આનુષાંગિક સેવાઓ | ૦.૨૭ |
| | **કુલ** | ૨૯.૯૭ | | **કુલ** | ૧૩.૭૦ |

**કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :**

સને ૨૦૧૫–૧૬ ના બજેટમાં કેપીટલ ગ્રાન્ટ આવક રૂા. **૫૨૪.૯૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક રૂા. **૫૮.૪૭** કરોડ ઉમેરતા કુલ રૂા. **૫૮૩.૩૭** કરોડ થાય છે. જેમાં કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂા. **૪૯૨.૬૪** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા. **૯૦.૭૩** કરોડની કેપીટલ ગ્રાન્ટની બંધ પુરાંત રહેશે.

**કેપીટલ ગ્રાન્ટ**

(રકમ રૂા. કરોડમાં)

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) | ૨૨૦.૧૮ | **૧૩મા નાણાંપંચ ની ગ્રાંટ ના કામો** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (લોકભાગીદારી) | ૫.૦૦ | – ઈ–ગવર્નન્સ પ્રોજેકટ | ૩.૬૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ઓવરબ્રીજ) | ૧૦.૦૦ | – વોટર વર્કસને લગત કામો | ૧.૦૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ભૂગર્ભ ગટર) | ૭૫.૦૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) ગ્રાંટ હેઠળના કામો** | |

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| કેપીટલ ગ્રાંટ ઉપર મળેલ વ્યાજ | ૭.૫૦ | – વોટર વર્કસને લગત કામો | ૫૦.૩૭ |
| પુરાતત્વ ખાતા | ૦.૩૫ | – ભૂગર્ભ ગટરને લગત કામો | ૧.૫૨ |
| આઈ.સી.ઝેડ. એમ. પ્રોજેક્ટ ગાંટ | ૫૨.૦૦ | – સોલીડ વેસ્ટ ને લગત કામો | ૨.૫૦ |
| ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ગ્રાંટ | ૨.૦૦ | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૧૦૦.૭૭ |
| જિલ્લા આયોજન મંડળ | ૩.૨૭ | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૧.૫૦ |
| સ્વામી વિવેકાનંદ યોજના ગ્રાંટ | ૦.૨૫ | – ફાયરસેફટી ને લગત કામો | ૧.૦૦ |
| લોકભાગીદારી અન્વયે મ.ન.પા. અને ખાનગી સોસાયટી નો ફાળો | ૨.૫૦ | – પ્રોજેકટ ને લગત કામો | ૮૩.૧૬ |
| ગુજરાત ગૌ–સેવા આયોગ બોર્ડ | ૪.૫૦ | – ગાર્ડન ને લગત કામો | ૦.૪૦ |
| રાજીવ ગાંધી આવાસ યોજના | ૨૩.૦૮ | – સ્લમ ને લગત કામો | ૫.૦૦ |
| નાઈટ શેલ્ટર | ૨.૬૭ | – સ્ટોર્સ ને લગત કામો | ૦.૩૫ |
| પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ગ્રાંટ | ૧.૬૭ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૫૭) ગ્રાંટ હેઠળના કામો** | |
| આઈ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૧.૮૦ | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૦.૭૫ |
| મુખ્ય મંત્રી ગૃહ યોજના | ૬.૩૪ | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૦.૧૫ |
| મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૧૦૬.૭૪ | **મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસો બનાવવાના કામો** | ૪૪.૦૦ |
| પરચુરણ ગ્રાંટ | ૦.૦૫ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ નંદઘર બનાવવાના કામો** | ૫.૫૦ |
| | | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ઓવરબ્રીજ બનાવવાનું કામ** | ૧૬.૦૦ |
| | | **પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાના કામો** | ૧.૬૭ |
| | | **નાઈટ શેલ્ટર બનાવવાનું કામ** | ૨.૬૭ |
| | | **રાજીવ ગાંધી આવાસ યોજના** | ૨૩.૦૮ |
| | | **જિલ્લા આયોજન મંડળની ગ્રાંટ** | ૩.૪૧ |

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| | | હેઠળના કામો | |
| | | એનીમલ હોસ્ટેબલ બનાવવાનું ખર્ચ | ૪.૫૦ |
| | | રોડ સ્ટ્રેન્ધનીંગ ગ્રાંટ હેઠળના કામો | ૧.૩૨ |
| | | લોકભાગીદારી યોજના હેઠળ ના કામો | |
| | | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૦.૫૦ |
| | | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૭.૫૦ |
| | | – વોટર વર્કસને લગત કામો | ૦.૦૧ |
| | | ગુજરાત મ્યુ. ફાઈના. બોર્ડની ગ્રાંટ હેઠળ ના કામો | |
| | | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૧.૦૦ |
| | | – સોલીડ વેસ્ટ ને લગત કામો | ૧.૭૫ |
| | | સ્વામી વિવેકાનંદ ગ્રાંટ હેઠળ રમત–ગમત સાધનો ખરીદવા અંગે | ૦.૨૫ |
| | | ઔદ્યોગિક વસાહતના કામો | ૦.૦૧ |
| | | આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ ભૂગર્ભ ગટર ના કામો | ૫૨.૦૦ |
| | | સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ભૂગર્ભ ગટરના કામો | ૭૫.૦૦ |
| | | પુરાતત્વ ખાતા ની ગ્રાંટ હેઠળ લાખોટા પુરારક્ષણ ના કામો | ૦.૩૫ |
| | | પરચુરણ ગ્રાંટ સામેના કામો | ૦.૦૫ |
| કુલ | ૫૨૪.૯૦ | કુલ | ૪૯૨.૬૪ |

- **સૂચનો :**

(૧) દરેક બ્રાંચે સાદીલવાર બીલ તૈયાર કરી તેમાં એકાઉન્ટ કોડ, બજેટ કોડ અનેદરેક ખર્ચ ના બિલોમાં કરેલ કામનું નામ અને તે કામ કયા વિસ્તારમાં કરેલ છે તે વિસ્તારના નામ સાથે ફરજીયાત પણે દર્શાવવાનું રહેશે. દરેક શાખાએ તેમના બ્રાન્ચ અધિકારી પાસે બિલ વેરીફીકેશન કરાવ્યા પછી જ ગ્રાન્ટ રજીસ્ટર સાથે બિલ એકાઉન્ટ શાખામાં વેરીફીકેશન તેમજ સહી માટે મોકલવાનું રહેશે.

ઘણાખરા ખર્ચના આદેશોમાં એક કરતા વધુ બજેટ હેડ દર્શાવી ખર્ચની મંજૂરી મેળવવામાં આવે છે. અને તે પૈકી ઉપલબ્ધ ગ્રાન્ટના હેડે ખર્ચ પાડી બિલ બનાવવામાં આવે છે. જે એકાઉન્ટની દૃષ્ટિએ યોગ્ય ન હોય, થયેલ ખર્ચ લાગુ પડતા બજેટહેડે જ બુક કરવું અને આ બાબતે જો બ્રાન્ચ લેવલે વિસંગતતા જણાતી હોય, તો એકાઉન્ટ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

(૨) વધુમાં, ગુજરાત મ્યુનિસિપલ એકાઉન્ટીંગ મેન્યુઅલમાં જણાવ્યા અનુસાર દરેક મહાનગરપાલિકાઓ એ અને નગરપાલિકાઓએ મિલ્કત રજીસ્ટર નિભાવવાનું રહે છે. આ રજીસ્ટર ના નમુના અનુસાર તથા આવેલ ગાઈડ લાઈન્સ અનુસાર દરેક પ્રકારની ઉભી થતી નવી મિલ્કતોના નામ તથા અન્ય આનુસાંગિક વિગતો તેમજ તેનાં યુઝર પિરિયડ ની વિગતો સાથે મિલ્કત રજીસ્ટરમાં મિલ્કતો દર્શાવવાની રહેશે. આ રજીસ્ટર વ્યવસ્થિત નિભાવી શકાય તે માટે દરેક ખર્ચ ના બિલોમાં કરેલ કામનું નામ અને તે કામ કયા વિસ્તારમાં કરેલ છે તે વિસ્તારના નામ સાથે ફરજીયાત પણે દર્શાવવાનું રહેશે.

(૩) ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ તૈયાર કરવામાં આવેલ બજેટમાં દર્શાવવામાં આવેલ આવકના હેડો મુજબ નવા કોમ્પ્યુટર કોડ કોમ્પ્યુટર શાખાએ તૈયાર કરવાના રહેશે.

(૪) રીવાઈઝ અંદાજપત્રમાં મૂકવામાં આવેલ અને આગામી વર્ષના અંદાજપત્રમાં મૂકવામાં આવેલ ખર્ચ જોગવાઈ ને આધીન જ કામો કરવાના રહેશે જે કંઈપણ ખર્ચની દરખાસ્તો કમિશ્નરશ્રી લેવલે અને સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે તેમાં અંદાજપત્રીય જોગવાઈ, થયેલ ખર્ચ, બચત ગ્રાંટ ની વિગતો સહ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

જામનગર મહાનગરપાલિકાનું કેપીટલ સ્વભંડોળ બજેટ માત્રનેમાત્ર જમીન વેચાણની આવક ઉપર આધારીત હોય, સ્વભંડોળના કામો અન્વયે જમીન વેચાણથી થયેલ ઉપજની ઉપલબ્ધી અનુસાર સ્વભંડોળના કામો હાથ ધરવાના રહેશે.

(૫) આવશ્યક અને ઈમરજન્સી કામો અન્વયે જે કંઈપણ દરખાસ્ત કમિટી સમક્ષ કરવામાં આવે તે કામ અંગે બજેટમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં કામના ખર્ચ મંજુરીની સાથે ગ્રાંટ ટ્રાન્સફર ની દરખાસ્ત પણ સાથે જ કરવાની રહેશે.

ઉપરોકત હકીકતે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશનએકટ–૧૯૪૯ની કલમ–૯૫, ૯૯, ૧૨૭ હેઠળ રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજો નજર સમક્ષ રાખી **સને.૨૦૧૫–૨૦૧૬નાં વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.** જે સ્ટેન્ડીંગ કમિટી મારફત જનરલ બોર્ડની મંજુરી મેળવવા માટે આ સાથે હું રજાું કરું છું.

**જામનગર.**
**તા.:૩૧/૧/૨૦૧૫**

**(હર્ષદ પટેલ)**
આઈ એ એસ
કમિશ્નર.
જામનગર મહાનગરપાલિકા.